<table>
<tr><td rowspan="5"></td><td rowspan="5">सत्यमेव जयते</td><td>દાખલ તારીખ :–</td><td colspan="3">૦૫/૧૨/૨૦૨૪</td></tr>
<tr><td>રજીસ્ટર તારીખ:–</td><td colspan="3">૦૫/૧૨/૨૦૨૪</td></tr>
<tr><td>ફેસલ તારીખ :–</td><td colspan="3">૦૬/૦૩/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમયગાળો</td><td colspan="3">વર્ષ– માસ–દીવસ</td></tr>
<tr><td>૦૧</td><td>૦૩</td><td>૦૧</td></tr>
</table>

<table>
<tr><td colspan="2">વસોના મ્હે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ કોર્ટ સમક્ષ. મું.વસો જિ.ખેડા.</td></tr>
<tr><td colspan="2">તારીખ : ૦૬/૦૩/૨૦૨૬<br>ફોજદારી કેસ નં. 360-2025<br>(જુના કેસ નં. ૬૨૧૦/૨૦૨૪)<br>આંક–<br>ગુનો :– બી.એન.એસ.ની કલમ ૨૨૩ મુજબ<br>એફ.આઈ.આર.નં.૧૧૨૦૪૦૬૫૨૪૦૨૨૯/૨૦૨૪<br>વસો પોલીસ સ્ટેશન</td></tr>
<tr><td>ફરીયાદી.</td><td>શ્રી સરકાર.</td></tr>
<tr><td>ફરીયાદી તર્ફે</td><td>વિ.એ.પી.પી.શ્રી જે.એન.વાળંદ</td></tr>
<tr><td colspan="2">વિરૂધ્ધ</td></tr>
<tr><td>આરોપી</td><td>દિપકકુમાર સ/ઓ નટુભાઈ સોમાભાઈ મકવાણા, રહે.પીજ વણકરવાસ, તા.વસો, જી.ખેડા</td></tr>
<tr><td>આરોપી તરફે</td><td>વિ.વ.શ્રી બી.જે.ચૌહાણ</td></tr>
</table>

| | |
|---|---|
| **ગુનો બન્યા તા.** | **૨૪–૧૦–૨૦૨૪** |
| **એફ.આઈ.આર. ની તારીખ** | **૨૪–૧૦–૨૦૨૪** |
| **ચાર્જશીટ રજુ થયા તારીખ** | **૦૫–૧૨–૨૦૨૪** |
| **તહોમતનામુ/પ્લી ફરમાવ્યા તારીખ** | **૨૮–૦૮–૨૦૨૫** |

| | |
|---|---|
| **પુરાવો શરૂ કરવામાં આવ્યા તારીખ** | **૧૩–૦૯–૨૦૨૫** |
| **જજમેન્ટ/હુકમ ઉપર આવ્યા તારીખ** | **૦૬–૦૩–૨૦૨૬** |
| **જજમેન્ટ/હુકમ ની તારીખ:–** | **૦૬–૦૩–૨૦૨૬** |
| **સજા હુકમની તારીખ (લાગુ પડે તો)** | **–** |

આરોપીઓની વિગત

| આરોપીનુ અનુક્રમ નંબર | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | તહોમત | શુ નિર્દોષ છોડયુ/ સજા કરી | કરવામા આવેલી સજા | સુનવણી દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | દિપકકુમાર સ/ઓ નટુભાઈ સોમાભાઈ મકવાણા | – | – | બી.એન.એસ.ની કલમ ૨૨૩ મુજબ | દોષિત | આખરી હુકમ મુજબ | – |

**<u>–: ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવો :–</u>**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** | **વિગત** |
|---|---|---|---|
| ૧ | ૦૮ | બળદેવભાઈ પોપટભાઈ ગોહેલ | પંચ સાહેદ |
| ૨ | ૧૩ | ફીરોજભાઈ બાલસીંહભાઈ ચાવડા | પંચ સાહેદ |
| ૩ | ૧૯ | જીજ્ઞેશકુમાર સુરેશભાઈ પરમાર | ફરીયાદી/ત.ક.અ. |

**<u>–: ફરીયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવો :–</u>**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧ | ૦૯ | જાહેરનામાનો ભંગ કર્યા અંગેનુ પંચનામું |
| ૨ | ૨૦ | ફરિયાદ |
| ૩ | ૨૧ | સુચીપત્ર |
| ૪ | ૨૨ | જાહેરનામાની નકલ |

**<u>જ જ મે ન્ટ</u>**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

આરોપીએ તા.૨૪/૧૦/૨૦૨૪ ના રોજ કલાક ૧૬/૩૦ વાગ્યે પીજ રામોલ ચોકડી પાસે આવેલ શ્રી હરી રેસીડેંસી કોમ્પલેક્ષ, તા.વસો, જી.ખેડા ગામે જીલ્લા મેજી.સા. શ્રીના કચેરી ખેડા નડીયાદનાઓની કચેરીના હુકમ નંબર પી.ઓ.એલ.(૧)/વશી/૭૯૦૦–૭૯૫૪/૨૦૨૪ તા.૧૯/૦૯/૨૦૨૪ નું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જેમા કોઈ પણ વ્યકિતએ પોતાની માલીકીનુ મકાન (ઓરડી) અથવા દુકાન કોઈ વ્યકિતને ભાડે આપેલ હોય તો તે અંગે ભાડા કરાર અંગેની જાણ સ્થાનીક પોલીસને કરવી તે અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરેલ હોવા છતાં આરોપીએ દુકાન અંગેનુ ભાડા કરાર કે સ્થાનીક પોલીસ સ્ટેશને જાણ કરી નહી જીલ્લા મેજી. સા. ખેડા નડીયાદના જાહેરનામાનો ભંગ કર્યા અંગેની ફરીયાદીએ ફરીયાદ આરોપી વિરુધ્ધ આપેલ. જે ફરીયાદીની ફરીયાદ અન્વે વસો પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧ ૨૦૪૦૬૫૨૪૦૨૨૯/૨૦૨૪ થી બી.એન.એસ.ની કલમ–૨૨૩ મુજબનો ગુનો રજીસ્ટરે લીધેલ તેમજ સદરહુ ગુનાના કામે તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય, અત્રેની અદાલત સમક્ષ આરોપી વિરુધ્ધ ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સ ઈશ્યુ કરતાં, તે સમન્સ આરોપીને બજી જતાં, તે આરોપી તેના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થયેલ અને આરોપીને પોલીસ પેપર્સની નકલો બી.એન.એસ.એસ. ની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપીનું **આંક–૦૬** થી નિવેદન નોંધતા, આરોપી પોતે ગુનો કબુલ ન હોવાનું જણાવતા હોય, આરોપી વિરુધ્ધ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(3) આ કામે ફરિયાદ પક્ષ દ્વારા રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયા બાદ વિ.પી.પી.શ્રી દ્વારા ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલ હોવાનું મૌખિક જાહેર કરેલ છે.

(3.૧) આ કામે ફરિયાદ પક્ષે ઉપરોક્ત મૌખિક, દસ્તાવેજી પુરાવો પુરો થયા બાદ

બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ અને આરોપીને તેમની વિરુદ્ધનો પુરાવો વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ મુખ્યત્વે ફરિયાદીએ ખોટી ફરિયાદ હોવાનું, ખોટો પુરાવો હોવાનું અને પોલીસે ખોટી તપાસ કરી, ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનું જણાવે છે. તેમજ આરોપીને બચાવના સાહેદો તપાસવા છે કે કેમ ? અને સોગંદ ઉપર જુબાની આપવા માંગે છે કે કેમ ? તે બાબતે પુછતાં આરોપીએ તેમના બચાવમાં સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવેલ છે અને વિશેષમાં કાંઇ કહેવા માંગો છો તે અંગે આરોપીને પુછતા તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેમની સામે ખોટી ફરિયાદ કરેલ છે.

(૪) આ કામે વિ.એ.પી.પી.શ્રીએ પોતાની મૌખિક રજૂઆતમાં મુખ્યત્વે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ મુજબની દલીલ કરેલ છે અને આ કામે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી ફરિયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ છે. તેથી આ કામના આરોપીને કાયદા મુજબની સજા કરવા રજૂઆત કરેલ છે.

(૪.૧) આ કામે બચવા પક્ષના વિ.વ.શ્રીએ આંક–૨૪ થી લેખીત તથા મૌખિક રજૂઆતમાં મુખ્યત્વે ફરિયાદ પક્ષના સાહેદોની ઉલટ તપાસમાં રેકર્ડ પર આવેલ વિરોધની હકિકતો તરફ ધ્યાને દોરેલ છે અને ફરિયાદ પક્ષે રજૂ પંચો હોસ્ટાઇલ જાહેર થયેલ છે. તેમજ કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી માત્ર પોલીસ સાહેદની જુબાની લીધેલ હોય તેથી આરોપીને આરોપીને ગુનેગાર ઠરાવી શકાય નહી તેમજ જણાવી. આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) આ કામે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા બંન્ને પક્ષોના વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો ધ્યાને લેતા, આ કેસના મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

– **<u>મુ દ્દા ઓ</u>** –

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૨૪/૧૦/૨૦૨૪ ના રોજ કલાક ૧૬/૩૦ વાગ્યે પીજ રામોલ ચોકડી પાસે આવેલ શ્રી હરી રેસીડેંસી

કોમ્પલેક્ષ, તા.વસો, જી.ખેડા ગામે જીલ્લા મેજી.સા. શ્રીના કચેરી ખેડા નડીયાદનાઓની કચેરીના હુકમ નંબર પી.ઓ.એલ. (૧)/વશી/૭૯૦૦-૭૯૫૪/૨૦૨૪ તા.૧૯/૦૯/૨૦૨૪ નું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જેમા કોઈ પણ વ્યકિતએ પોતાની માલીકીનુ મકાન (ઓરડી) અથવા દુકાન કોઈ વ્યકિતને ભાડે આપેલ હોય તો તે અંગે ભાડા કરાર અંગેની જાણ સ્થાનીક પોલીસને કરવી તે અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરેલ હોવા છતાં આરોપીએ દુકાન અંગેનુ ભાડા કરાર કે સ્થાનીક પોલીસ સ્ટેશને જાણ કરી નહી જીલ્લા મેજી. સા. ખેડા નડીયાદના જાહેરનામાનો ભંગ કરી, બી.એન.એસ.ની કલમ-૨૨૩ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**(૨)** શું આખરી હુકમ ?

**(૫.૧)** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) "હકારમાં"

(૨) "આખરી હુકમ મુજબ"

– **કારણો** –

**મુદ્દા નં. ૧** –

**(૬)** આ કામે મુદ્દા નં. ૧ પરત્વે બંન્ન પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો તથા ફરિયાદ પક્ષે રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, આ કામે ફરિયાદ પક્ષે આંક-૧૯ થી ફરિયાદી/ત.ક.અ. જીજ્ઞેશકુમાર સુરેશભાઇ પરમારને તપાસવામાં આવેલ છે. આ સાહેદ આ કામના ફરિયાદી તથા ત.ક.અ. છે અને બનાવ અંગે તેઓએ તેમની આંક-૨૦ વાળી ફરિયાદ હકિકતને સમર્થન કરેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, ગઈ તા.૨૪/૧૦/૨૪ ના રોજ તેઓ વસો પો.સ્ટેમાં એ. એસ. આઈ. તરીકે ફરજ બજાવતા હત. ત્યારે તેઓ તથા .પો.કો. ધર્મેન્દ્રકુમાર ધનજીભાઈનાઓ દિવાળીના

તહેવાર અનુસંધાને ગેરકાયદેશર શસ્ત્રો, ગેસ્ટહાઉસ ચૈકીંગ તથા બહારના રાજ્યના ભાડુઆત ચૈકીંગની કામગીરી અનુસંધાને જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી ખેડા નડીયાદ દ્વારા તા. ૧૯/૦૯/૨૪ થી નં.પી ઓ. એલ. (૧) વસી/૭૯૦૦–૭૯૫૪/૨૪ જીલ્લા મેજીસ્ટ્રેટ ખેડાની કચેરી જીલ્લા સેવાસદન નડીઆદ ડભાણ રોડનાઓ આ જાકરેનામા અનુસંધાને કામગીરી કરવા સારૂ પોલીસ ઈન્સેપેકટર વસો પોલીસ સ્ટેશનનાઓને સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા પીજ રામોલ ચોકડી પાસે આવેલ શ્રી હરી રેસીડેન્સી કોમ્પલેક્ષમાં એક દુકાન ભાડે આપેલ હોય. જેથી આ દુકાનમાં જઈ ભાડુઆત અંગેની ખરાઈ કરવાની હોય જેથી તેઓએ નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી આ પંચોને હકીકતથી તથા જીલ્લા મેજી સાહેબના જાહેરનામાથી વાકેફ કરી બધા પંચો સાથે રાખી શ્રી હરી રેસીડેન્સી કોમ્પલેક્ષમાં એક દુકાનનો દરવાજો ખખડાવતા એક ઈસમે આ દુકાનનો દરવાજો ખોલેલ જેનું પંચો રૂબરૂ નામ હામ પુછતાં તેને પોતાનું નામ સંદિપકુમાર વિષ્ણુભાઈ પારેખ રહે પીજના હોવાનું જણાવેલ અને આ ઈસમે દુકાનના માલીક બાબતે પુછતાં તેણે આ દુકાન દિપકકુમાર નટુભાઈ મકવાણા રહે.પીજ, વણ કરવાસના હોવાનું જાણાવેલું અને પોતે આ દુકાન ભાડેથી ચલાવતા હોવાનું જણાવેલ અને આ દુકાનના માલીક અંગેનો પુરાવો માંગતા તેઓએ દુકાનના લાઈટ બીલની નકલ રજુ કરેલ અને આ દરમીયાન દુકાનના માલીક આવી જતા તેઓનું પંચો રૂબરૂ નામ કામ પૂછતા દિપકકુમાર નટુભાઈ મકવાણા રહે. પીજ, વણકરવાસ હોવાનું જણાવેલું અને આ ઈસમને તેની કબજા ભોગવટાની દુકાન ભાડેથી આપેલી હોય જેથી તેઓને દુકાન ભાડે આપવા અંગેનો ભાડા કરાર તથા તે અંગેની સ્થાનીક પોલીસ સ્ટેશનમાં મિલકત ભાડે આપવા અંગેની નોંધણી કરાવેલ છે કે કેમ તે અંગે પંચો રૂબર પુછતાં તેણે જણાવેલ કે, આ અંગે કોઈ ભાડા કરાર રે સ્થાનીક પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવેલ નથી તેવું જાણાવેલુ જે અંગે તેઓને ખેડા–નડીઆદ જી.મે. સા.ની કચેરીનું જાહેરનામું બતાવી તેઓએ દુકાન ભાડે આપી તે અંગેનો ભાડા કરાર તથા સ્થાનીક પોલીસ સ્ટેશનમાં જાણ નહી કરી મે. જી.મે. સા.શ્રી ખેડા નડીઆદના જાહેરનામાના હુકમનો ભંગ કરેલ હોય જે અંગેનુ પંચનામાની વિગતવારનું પંચનામું પંચોની હાજરીમાં કરી આ અંગેની કાયદેસર કાર્યવાહી કરવા સારૂ તેઓએ વસો પોલીસ સ્ટેશનમાં જાહેરનામા ભંગ અંગેની ફરીયાદ આપેલી તેમને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જે જોઈને કહે છે કે, તેમાં તેમની સહી છે જે ઓળખે છે જે

આંક–૨૦ થી રજુ છે. ત્યાર બાદ આ ફરીયાદ વસો પો.સ્ટે. ૨૨૯/૨૪ બી.એન. એસ. કલમ ૨૨૩ મુજબ પી.એસ.ઓ. ભાઈલાલભાઈ રમેશભાઈનાઓએ રજીસ્ટર કરી આગળની વધુ તપાસ તેઓને લે.ડે.હુકમ સાથે મોકલી આપેલ. તેઓને અસલ ડે.હુકમ બતાવતા જે જોઈને કહે છે કે, તેમાં પી.એસ.ઓ. શ્રી ભાઈલાલભાઈની સહી છે જે ઓળખે છે જે આંક ૨૧ થી રજુ છે. તપાસ સંભાળ્યા બાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા. તેઓને કોર્ટ રેકર્ડમાંથી આંક– ૯ વાળુ પંચનામુ બતાવતા જે જોઈને કહે છે કે, જે પંચો તથા તેઓની રૂબરૂનું છે અને જેમાં તેમની તથા પંચોની સહી છે જે ઓળખે છે. તેઓને ખેડા–નડીઆદ જી. મે.સા. ની કચેરીનું તા.૧૯/૦૯/૨૪ ના રોજનું જાહેરનામાની કોપી બતાવતા જે જોઈને કહે છે, તે જ છે. જે આંક–૨૨ થી રજુ છે. તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો મળતો હોય આરોપી વિરૂધ્ધ કોર્ટમાં ચાર્જશીટ કરેલ આરોપીને ઓળખે છે.

(૬.૧) જ્યારે બચાવ પક્ષ દ્ધારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ ફરિયાદી/ત.ક.અ.એ એવી હકિકતોનો સ્વીકાર કરેલ છે કે, હાલના કામે જે જાહેરનામા અંગે તેઓએ કરીયાદ આપેલ તે જાહેરનામું તેઓએ કે તેમના પોલીસ સ્ટેશન તરફથી કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી., હાલનું જાહેરનામું બહોળી પ્રસીધ્ધી કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી., આરોપીની દુકાને કેટલા વાગે ગયેલા તે સમયનો તેમની ફરીયાદમાં ઉલ્લેખ નથી. સાહેદ જણાવે છે કે પંચનામામાં ઉલ્લેખ કરેલ છે., વસો પોલીસ સ્ટેશનની હદમાં ઘણા બધા કોમ્પલેક્ષ આવેલા છે., બનાવ અંગેની કોઈ બાતમી મળેલ હોય તેવો તેમની ફરીયાદમાં ઉલ્લેખ નથી., બનાવવાની દુકાનની આસપાસ કોમ્પલેક્ષમાં ઘણી બધી દુકાનો આવેલી છે., હાલનો કેસ થયો ત્યારે દુકાનની માલીકીનો કોઈ પુરાવો કબજે લીધેલ હોય તેવુ બનેલ નથી. સાહેદ જણાવે છે કે, આરોપીના આધારકાર્ડની નકલ મેનાવેલ છે., ભાડુઆત સંદિપભાઈને હાલના કામે સાહેદ તરીકે દર્શાવેલ નથી., ભાડુઆત સંદિપભાઈ પાસેથી ભાડુ મેળવી તે અંગેની કોઈ ભાડા પાવતી આરોપી તેમને આપતા હોય તેવી કોઈ પાવતી હાલના કામે રજુ રાખેલ નથી, સાહેદ જણાવે છે કે, તેઓએ ભાડુઆત સંદિપભાઈ પાસેથી આવી પાવતીઓ માગેલી પરંતુ તેઓએ રજુ રાખવાનો ઈનકાર કરેલો., ભાડુઆત સદિપભાઈએ પાવતીઓ રજુ રાખવાનો ઈન્કાર કરેલ હોય તેવી કોઈ નોંધ તેમની સ્ટેશન કે કેસ ડાયરીમાં કરેલ નથી, હાલની ફરીયાદવાળી દુકાનની માલીકીનો કોઈ આધાર પુરાવો

પીજ ગ્રામ પંચાયતમાંથી કબજે લીધેલ નથી. હાલના કામે પંચાનામાના પંચો નજીકમાં હાજર હોય તેવી વ્યક્તિઓને બોલાવેલા.

(૭) વધુમાં આંક–૦૯ વાળા જાહેરનામાનો ભંગ કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ બળદેવભાઇ પોપટભાઇ ગોહેલને આંક–૦૮ થી તથા અન્ય પંચ સાહેદ ફીરોજભાઇ બાલસીહભાઇ ચાવડાને આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસેલ છે, જેઓ પોતાની જુબાનીમાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તે સિવાય સદરહું પંચ સાહેદો પંચનામાની કોઇ હકિકત તેઓ જાણતા નથી. સદરહું પંચ સાહેદ પંચનામાની મહત્વની કોઇ હકિકતોને સમર્થન ન આપતાં, સદરહું પંચ સાહેદને ફરિયાદ પક્ષના વિ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કરી, તેઓને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતાં, આ પંચ સાહેદએ પંચનામાઓની કોઇ મહત્વની હકિકતને સમર્થન આપતો પુરાવો આપેલ નથી.

(૭.૧) ત્યારબાદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ સાહેદ નં. ૧ મુખ્યત્વે એવી હકિકતોનો સ્વીકાર કરેલ છે કે, તૈયાર લખેલા કાગળમાં તેઓએ સહી કરેલી. જયારે સાહેદ નં. ૨ની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૮) આમ, હાલના કામે આંક–૧૯ થી ફરીયાદી જીજ્ઞેશકુમાર સુરેશભાઇ પરમારને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સમગ્ર જુબાનીમાં ફરીયાદની વિગતોને સ્પષ્ટ રીતે સમર્થન આપેલ છે. તેઓએ આરોપી સામેની કાર્યવાહી કરેલ છે અને હાલની ફરીયાદ આપી ગુનાની તપાસ કરેલ છે. તેઓએ પોતાની તપાસ દરમ્યાન આંક–૨૨ વાળા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ ૧૬૩ મુજબના હુકમની નકલ રજુ રાખેલ છે. આ હુકમ અધીક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ખેડા દ્વારા કરવામાં આવેલ છે. જે મુજબ તા.૧૯/૦૯/૨૦૨૪ થી તા.૧૭/૧૧/૨૦૨૪ સુધી સમગ્ર ખેડા જીલ્લાના વિસ્તારમાં કોઇ મકાન/દુકાન/ઔધોગીક એકમ સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય ભાડે આપી શકાશે નહી તે મુજબનુ ઠરાવવામાં આવેલ છે, અને આ હુકમનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય ન્યાય સંહીતાની કલમ ૨૨૩ મુજબની શીક્ષાપાત્ર કાર્યવાહી થશે. આમ હાલના કામે તા.૨૪/૧૦/૨૦૨૪ ના રોજ આરોપી સામે ફરીયાદ આપવામાં આવેલ છે અને તે ફરીયાદ મુજબ આરોપીએ સંદીપકુમાર વિષ્ણુભાઇ પારેખનાઓને પીજ રામોલ ચોકડી પાસે આવેલ શ્રી રેસીડન્સી કોમ્પલેક્ષમાં એક દુકાન

ભાડે આપેલ હોવાનુ જણાઈ આવે છે. હાલના ત.ક.અ.શ્રીએ આ દુકાને જઈ તપાસ કરતા ત્યાથી સંદીપકુમાર વિષ્ણુભાઈ પારેખ નામના એક ઈસમ હાજર મળી આવેલ અને તેઓએ જણાવ્યા મુજબ સદર દુકાન આરોપી દીપકકુમાર નટુભાઈ મકવાણાએ તેઓના કબજા ભોગવટાથી ભાડે આપેલ હોવાનુ જણાવેલુ અને ભાડા કરાર અંગે તેમજ સ્થાનીક પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવ્યા અંગેનું પુછતા તેઓએ આવો કોઈ કરાર કરેલ નથી કે પોલીસ સ્ટેશનમાં જાણ કરેલ નથી તેમ જણાવેલ. આમ હાલના કામે ત.ક.અ.શ્રીને પોતાની સમગ્ર તપાસ દરમ્યાન આરોપી વિરુધ્ધના પુરાવા મળી આવતા તેમની સામે હાલનું ચાર્જશીટ દાખલ કરેલ છે. હાલના કામે સ્થાનીક જગ્યાના પંચનામાના બે પંચોને તપાસવામાં આવેલ છે. બંન્ને પંચોએ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. નામ નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયાના **Govind Raju @ Govinda Vs. State, By Shree Rampuram P.S**.(2012)11, **S.S.C., 517** માં પ્રસ્થાપીત કર્યા મુજબ જયારે ત.ક.અ. નો એક માત્ર મહત્વનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોય ત્યારે તે પુરાવાની વિશ્વશનીયતા ઓછી ગણી શકાય નહી કે પુરાવાને નકારી શકાય નહી. આવા પુરાવાના આધારે જો આરોપી સામેનો ગુનો સાબીત થતો હોય તો માત્ર ત.ક.અ.ના પુરાવાના આધારે પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. હાલના કામે પણ ત.ક.અ.શ્રી દ્વારા સ્પષ્ટ અને મહત્વનો પુરાવો રજુ થયેલ છે. જેથી તે પુરાવાનુ મુલ્યાંકન ઓછુ આંકી શકાય નહી. આમ, હાલના કામે આરોપી દિપકકુમાર સ/ઓ નટુભાઈનુ સોમાભાઈ મકવાણા રહે. પીજ, વણકરવાસ, તા.વસો, જી.ખેડાનાઓએ પીજ રામોલ ચોકડી પાસે આવેલ શ્રી હરી રેસીડન્સી કોમ્પલેક્ષની દુકાન તા.વસો, જી.ખેડાના સ્થાનીક પોલીસને જાણ કર્યા વિના અન્ય ઈસમને ભાડે આપી અધીક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ખેડાના હુકમ નં. પી.ઓ.એલ.(૧)/વશી/૭૯૦૦-૭૯૫૪/૨૦૨૪ વાળુ જાહેરનામુ કે જે તા.૧૯/૦૯/૨૦૨૪ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તેનો સ્પષ્ટ રીતે ભંગ કરી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનુ સાબીત થાય છે.

હાલના કામે આરોપી સામે જે ગુનાની તહોમત મુકવામાં આવેલ છે તે ગુનો સમન્સ ટ્રાયેબલ ગુનાની કક્ષામાં આવતો ગુનો છે. જેથી ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઈ ધ્યાને લેતાં સદર કામે સજા અંગેનો હુકમ કરતા પહેલા આરોપીને સાંભળવા જરૂરી જણાતું ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવો ઉચિત

જણાય છે. જેથી ઉપરોકત વિગતવારની ચર્ચાના અંગે **મુદ્દા નં. ૧** નો નિર્ણય **''હકારમાં''** ઠરાવવામાં આવે છે **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

– આ ખ રી હુ ક મ–

(૧) હાલના કામે આરોપી દિપકકુમાર સ/ઓ નટુભાઈ સોમાભાઈ મકવાણા, રહે. પીજ વણકરવાસ, તા.વસો, જી.ખેડાનાઓને બી.એન.એસ.ની કલમ ૨૨૩ મુજબ તકસીરવાન ઠરાવી રૂા.૨૦૦/–(અંકે રૂપીયા બસો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સાદી કેદની સજા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાય તો ૧૫(પંદર) દીવસની સાદી કેદની સજા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) આજ રોજ આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ ન હોય સદર હુકમ આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૬ ઠી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

વસો.
તા.૦૬/૦૩/૨૦૨૬

( સૌમિત્ર સુબોધભાઇ ત્રિવેદી )
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
વસો.જીજે૦૧૪૨૫